





હતા સુખ-દુખમાં સાથે, સાથી ખોઇ નાખ્યા!
પડી ગયું અંતર સત્તાનું સંબંધ રોઇ નાખ્યા,
જોઇ નાખ્યા કેટલાય કાચંડા અડવાણીએ -
હવે રાષ્ટ્રપતિ પદથી યે હાથ ધોઇ નાખ્યા!
(અડવાણીજીની હતાશા)

હવે ખૂલસે,
અડવાણીની પણ -
જૂની ફાઇલ!!

ઘસે ચિરાગ,
સીબીઆઇ હાજર
'હુકમ આકા'




## ચિંતન

**યદ્ય દેવ હિવાંછેત તતો વાંછા પ્રવર્તતે । પ્રાપ્ત એવાર્થતઃ સો અર્થો યતો વાંછા નિવર્તતે ॥**

'આપણે જે જે પદાર્થોની ઇચ્છા કરતા જઇએ અને જે જે પદાર્થો મળતા જશે તેમ તેમ ઇચ્છા વાસના વિશેષ કરીને વધતી જ જાય છે. જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા લોકો જ ઇચ્છાઓમાંથી નિવૃત્તિ પામી શકે છે. માટે માણસે સૌ પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઇએ જેથી ઇચ્છા-વાસનાનો જન્મ જ ન થાય.'

સાધુ-સંતો સંસારથી નિવૃત્ત થઇ વનમાં માત્ર કુટિર અને કૌપીન ભેર ખૂબ સંતોષપૂર્વક આનંદથી જીવન પસાર કરે છે એમની કંઇ જ જરૂરિયાત હોતી નથી. નદી કાંઠો હોય, વૃક્ષો પર ફળ-ફૂલ હોય - બીજું શું જોઇએ? સંતોષ અને નિવૃત્તિ એ જ સમજદારી છે. આત્મજ્ઞાન છે.

જેને આત્મજ્ઞાન થઇ જાય એને અપેક્ષાઓ પર લગામ મૂકવાની આવડત આપોઆપ આવી જાય છે. ઇચ્છાઓનો કદી અંત આવવાનો જ નથી. માટે સંતોષની વૃત્તિ જન્મે એવી નિવૃત્તિ લેવી જોઇએ.

## સુવિચાર

- માણસ પોતાના નમ્રતા અને સાદગીથી જ મહાન બને છે, ધનસંપત્તિ તો માત્ર બાહ્ય આવરણ છે. આંતરિક ગુણ સમૃદ્ધિ પરથી જ માણસનું સાચું મૂલ્યાંકન થતું હોય છે **- હેન્રી ફોર્ડ**
- વિધિ સાથે વેર ન થાય, જીવન આખું ઝેર ન થાય, કિસ્મત તો છાપેલો કાગળ, એમાં કયાંયે ફેર ન થાય **- અમર પાલનપુરી**
- એક જ સ્થળે રહીને ગતિ કરવા દુનિયામાં બે જ જણને આવડે છે.. એક વૃક્ષને અને એક ઋષિને **- સુરેશ દલાલ**
- મરણ પછી માણસે વૈતરણી નદી તરવાની હોય છે, પણ એ વૈતરણી તરવાની હોય છે, પણ એ વૈતરણી નદી એટલે બીજું કંઇ નહીં પણ આપણા પ્રિયજનોના આંસુઓ **- એસ. ભટ્ટાચાર્ય**
- કંઇક પામવા માટે એની કિંમત ચૂકવવી જોઇએ, એ માત્ર વ્યવહાર નથી, પણ જે પામવાનું છે, એનું સાચું મૂલ્ય સમજવાની પારાશીશી છે **- રાજુ અંધારિયા**
- કોઇ પણ ઘટના માટે પ્રતિક્રિયા એ હંમેશા ત્વરીત અને થોડુક પણ વિચાર્યા વિનાનું પ્રતિકાર, અભિપ્રાય.. જયારે પ્રતિસાદ એટલે સ્વસ્થતાપૂર્વક વિચારીને અપાયેલું નિવેદન **- મુનિ ભાનુચંદ્રજી**
- સફળતા માટે સાતત્ય અને સંવાદ મહત્ત્વના છે, સંવાદ એટલે સંપર્ક સંવાદ એટલે સંબંધોના પરિઘનો વિસ્તાર **- કાન્તિ ભટ્ટ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

સંતો સ્વભાવથી જ ઉદાર અને ક્ષમાશીલ હોય છે વ્યક્તિનું ચારિત્ર્ય અને સ્વભાવ કેમ સારાં થાય એની જ એમને શોચ હોય છે.

સંત ઓગષ્ટીન પાસે એક બહુ જ જૂનું પણ ખૂબ સારી રીતે સચવાયેલું એક બાઇબલ હતું જે સીસમની પેટીમાં એ સાચવીને મૂકતા. લોકો એના દર્શન માટે પણ આવતા.

એક ચોર આ બાઇબલના દર્શનાર્થે આવ્યો અને સંત એ કયાં મૂકી રાખે છે તેની રેકી કરી ગયો. રાત્રે એ બાઇબલ ચોરીને લઇ ગયો.

બાજુના શહેરમાં આવી પ્રાચીન -કિમતી વસ્તુની લે-વેંચ કરનારા દુકાનકાર પાસે ગયો. દુકાનકારે આ બાઇબલની કિંમત સો ડોલર આપવાની તૈયારી બતાવી, પણ એક દિવસ માટે આ બાઇબલ મારી પાસે મૂકી જવું - પૈસા બીજે દિવસે આપીશ. ચોરગ્રાહક સંમત થયો.

દુકાનદાર વેપારી સંત ઓગષ્ટીનનો જ અભિપ્રાય લેવા ગયો. પૂછ્યું આ બાઇબલ ૧૦૦ ડોલરમાં ખરીદાય? ઓગષ્ટીને કંઇ જ બોલ્યા વિના - સંમતિ સૂચક માથું હલાવ્યું.

બીજે દિવસે ચોરે પૂછ્યું તમે કોનો અભિપ્રાય લેવા ગયા? વેપારી કહે અહીં બાજુના શહેરમાં સંત ઓગષ્ટીનને આ બાઇબલ બનાવી અભિપ્રાય માગ્યો. એમણે કહ્યું ૧૦૦ ડોલર વાજબી છે. ચોરે પૂછ્યું બીજું કંઇ જ ના પૂછ્યું? દુકાનદારે ના પાડી. ચોર બાઇબલ પાછું લઇ સંત પાસે ગયો અને ક્ષમા માગી રડ્યો.

સંત કહે મેં તને આ બાઇબલ હવે ભેટમાં આપ્યું લઇ જા!

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રાચીન સમયના જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે તાલ મિલાવવા અભ્યાસુઓ માટે સિંધુમાં બિંદુ સમાન પુસ્તક


**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

ગઇકાલે જ આપણે વિશ્વયોગ દિવસની ઉજવણી કરી. યોગ એ જ્ઞાનનો વિષય છે. આત્મા સાથે જોડાણ કરાવનારો યોગ આધ્યાત્મ છે. તો જેનું જોડાણ કરવાનું છે તે શરીર ભૌતિક વિજ્ઞાનનો વિષય છે. કેવળ ભૌતિક વિષયોને લઇને ચર્ચા થાય તો તે એક વિશેષ પ્રકારનું જ્ઞાન બને છે. એને કહેવાય છે વિજ્ઞાન. આમ વિજ્ઞાન એ જ્ઞાનનો હિસ્સો છે.

ભૌતિક વિજ્ઞાનની ચરમસીમાના આ યુગમાં શરીરના કણે કણને અનાવૃત કરવાનું સામર્થ્ય જયારે વિકસેલું છે ત્યારે આધ્યાત્મની સફર કરવા નીકળેલ યોગ શિખવા ઇચ્છનાર તેની ઉપેક્ષા કરી શકે નહીં. 'યોગ શિક્ષણમાં શરીર રચના અને ક્રિયા વિજ્ઞાન' વિષે જાણવું પણ એટલું જ જરુરી છે, તેથી આજે મારે તમને આ વિષય અંગેના જ એક પુસ્તકની વાત કરવી છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં કુલ-૧૩ પ્રકરણોમાં શરીર રચના અને તેના ક્રિયા વિજ્ઞાનની વૈજ્ઞાનિક માહિતી મળે છે. જેમાં શરીર વિજ્ઞાનની સાથોસાથ યોગ દ્વારા શરીરને સમગ્રતામાં જોવાનો પ્રયાસ છે. તો શરીરના અંગ-ઉપાંગની માહિતી સાથે યોગ વિજ્ઞાન અનુસાર સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર વિશે વિગતે વાત કરવામાં આવી છે. પાચનતંત્ર અને યોગના સંબંધની વાત પણ અહીં આપણને મળે છે. તો આહાર ચયાપચન અને યોગ દ્વારા આહારના ત્રણ ગુણો, સત્વ, રજસ કે તમસ અનુસાર ખાનાર વ્યક્તિ પર તેનો કેવો પ્રભાવ પડે તે પણ દર્શાવાયું છે. યૌગિક ક્રિયાઓ પ્રાણાયામ અને શ્વસન તંત્ર સાથે સંકલાયેલી છે, ત્યારે વિશ્વવ્યાપી પ્રાણતત્ત્વની ધારણા દ્વારા પ્રાણાયામ માત્ર ભૌતિક કસરત ન બનતાં આધ્યાત્મિક સાધના કઇ રીતે બનાવી શકાય તેનો દિશાનિર્દેશ છે. રૂધિરાભિસરણ તંત્રને પણ યોગ સથે સીધો સંબંધ છે. આજકાલ તણાવ એ બહુ વ્યાપક સમસ્યા છે. તણાવ મન દ્વારા પ્રવેશ કરે છે અને હૃદય દ્વારા અભિવ્યક્ત થઇ પ્રાણને લઇને બહાર નીકળી જાય છે.




યોગ આ બધાનું સામૂહિક નિરાકરણ કરનારું એક અદ્‌ભૂત સાધન છે. જેને આપણા ઋષિ મુનિઓએ હજારો વર્ષ અગાઉ શોધી કાઢ્યું છે. રૂધિર, તેના પ્રતિકાર તંત્ર અને યોગને પણ સીધો સંબંધ છે. શરીરનો પ્રત્યેક કોશ એક ઉદ્દેશ્ય લઇને આત્માના આદેશ અનુસાર વર્તે છે. અંતઃસ્રાવી ગ્રંથિઓનું તંત્ર તેનું કાર્ય અને શરીર પર તેના પ્રભાવ વિશે જોતાં યોગથી અંતઃસ્રાવી ગ્રંથિઓ પર થતી સકારાત્મક અસરને લીધે યોગમાં રોગ મટાડવાની ક્ષમતાના સંદર્ભમાં યોગ ચિકિત્સાનું ક્ષેત્ર અમલમાં આવ્યું છે. ઉત્સર્જનતંત્રમાં વિવિધ અંગોની વ્યવસ્થા છે. જેવાં કે શ્વસનતંત્ર, મૂત્ર ઉત્સર્જનતંત્રમાં વિવિધ તંત્રોની વ્યવસ્થા છે. જેવાં કે શ્વસનતંત્ર, મૂળ ઉત્સર્જન તંત્ર, ત્વચા વિગેરે આ તંત્રો દ્વારા શરીરની આંતરિક સ્વચ્છતા જળવાય છે. આ ઉત્સર્જન તંત્ર તે ક્રિયાશીલ રાખવા યોગની આસન, પ્રાણાયામ, મુદ્રા, બંધ જેવી યૌગિક ક્રિયાઓ ઉપયોગી છે. ચેતાતંત્રને આધુનિક વિજ્ઞાન મધ્યસ્થ, બહિર્ગામી, ઇચ્છાવર્તી કે અનિચ્છાવર્તી જેવા ભાગોમાં વહેંચીને સમજાવવાનો પ્રયાસ કરે છે જયારે આધ્યાત્મ વિજ્ઞાનમાં ત્રણ અવસ્થાનું વર્ણન છે. જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સુષુપ્તિ અવસ્થા. આમ તો બંને વિજ્ઞાનનું ધ્યેય સભાનવસ્થાનું તર્ક બુદ્ધિનું સ્તર વિસ્તરે તેવો છે. તેમાં એક બાહ્ય સાધનોનો ઉપયોગ રી તેમ કરવા માંગે છે. જયારે બીજું અંદરના સાધનોનો ઉપયોગ કરી તેમ કરવા માંગે છે. અસ્થિતંત્ર અને સ્નાયુતંત્ર યોગ અને તેની કસરતો સાથે સીધી રીતે જોડાયેલાં છે. કોઇ પણ વ્યાયામની વાત અસ્થિ સ્નાયુતંત્રથી થાય છે. પણ યોગિક કસરતની વાત થાય ત્યારે તે સ્થૂળથી શરુ થઇ સૂક્ષ્મ તરફની સફરે લઇ જનારી હોય છે. પ્રજનન તંત્રને ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ જોવામાં આવે તો તે સ્ત્રીના શરીરમાં સ્ત્રીબીજ (એક અધુરો કોષ ક્રોમોઝોમ દ્વારા ફલીનીકરણ થવાથી એક કોષ zygote (ઝીગોટ) ની રચના થાય છે. અહીંથી નવા જીવનની યાત્રા શરુ થાય છે. પરંતુ આધ્યાત્મ અને યોગ અનુસાર ભારતીય સંસ્કૃતિ અને યોગને લક્ષમાં લઇ એક મોટું 'શાસ્ત્ર' અધિજનન શાસ્ત્ર રચાયેલું છે. સંભોગ દરમિયાન અને સમગ્રજીવન દરમિયાન માતાપિતાની ન કેવળ શારીરિક બલ્કે માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્થિતિ કેવી છે તે પ્રશ્નોના ઉત્તર મેળવવા આવશ્યક છે. શ્રેષ્ઠ સંતાનના જન્મ માટે શ્રેષ્ઠ માતા-પિતા બનવું જરુરી છે. તે યોગ દ્વારા હાંસલ કરી શકાય છે. તણાણ જેવી સમસ્યાનો આધુનિક વિજ્ઞાન પાસે કોઇ જવાબ નથી. પણ યોગ મનને આત્મા સાથે જોડે છે. એટલે તણાવ જેવી સમસ્યાઓનું પૂર્ણ પણે સમાધાન શોધવા માટે એને તેને પૂર્ણતામાં અનુભવ કરવા માટે યોગથી આગળ વધે તેવું કોઇ સાધન નથી. તેથી તણાવનો ઉપયોગ માત્ર યોગ જ છે.

'યોગ શિક્ષણમાં શરીર રચના અને ક્રિયા વિજ્ઞાન' પુસ્તકમાં તેનો અભ્યાસ કરનાર માટે બે ભાગમાં પ્રશ્નો પણ મુકવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ભાગમાં ૧ થી ૭ પ્રકરણના પ્રશ્નો છે જયારે બીજા ભાગમાં ૮ થી ૧૩ પ્રકરણના પ્રશ્નો છે. આ પુસ્તકના લેખક ડો. હર્ષદ ભટ્ટ છે. તેમણે તેમની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે યોગના વિદ્યાર્થીઓ માટે શરીર રચના અને ક્રિયા વિજ્ઞાનનું સામાન્ય જ્ઞાન આવશ્યક છે. તેને ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર થયું છે. તેથી ગુજરાતી ભાષામાં હોવા છતાં પારિભાષિક શબ્દ મહદંશે અંગ્રેજી-ગુજરાતી બંનેમાં રાખવામાં આવ્યા છે. જે ખુબ ઉપયોગી નીવડે તેમ છે.

'યોગ શિક્ષણમાં શરીર રચના અને ક્રિયા વિજ્ઞાન' જેવા આજના સમયને અનુરુપ વિષયને પસંદ કરી યોગ સાથે તેનું સંધાન દર્શાવાતું આ પુસ્તક અભ્યાસુઓને ખુબ જ પ્રેરક નિવડે તેવું છે. લેખકના આ સુંદર પ્રયાસને બિરદાવું છું અને પુસ્તકને આવકારું છું.

**યોગ શિક્ષણમાં શરીર રચના અને ક્રિયા વિજ્ઞાન**
**લેખક - ડો. હર્ષદ ભટ્ટ (એમ.ડી. મેડિસીન)**
**પ્રકાશન - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**રતનપોળ નાકા સામે ગાંધી માર્ગ, અમદાવાદ**
**પૃષ્ઠ - ૧૫૮ કિંમત - રૂા. ૧૫૦/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫**

# હક્ક પત્રકની નોંધોએ માત્ર અનુમાનકીય મૂલ્ય જ છે

**વાત કાનૂન કાયદાની...**



- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

રેવન્યુ રેકર્ડ એ જમીન કે મિલ્કતની માલિકી દર્શાવતો પ્રથ દર્શનીય પુરાવો છે. સામાન્ય માનવીનો સમજમાં રેકર્ડ જ માલિકી હક્ક દર્શાવે છે તેમ હોય છે. પરંતુ કાયદાકીય જોગવાઈ અનુસાર રેવન્યુ રેકર્ડ એ માલીક તરીકેના નિર્ણાયક પુરાવા તરીકે કોર્ટ ગણતી નથી. મિલ્કત તબદીલ સમયે ટાઈટલ સંબંધીત તકરાર ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં રેવન્યુ ઓથોરીટીને ટાઈટલ સંબંધીત નિર્ણય લેવા હકુમત કે સત્તા નથી. માલિકી હક્ક માત્ર સીવીલ કોર્ટ જ નક્કી કરી શકે છે.

જયારે પક્ષકારો વચ્ચે મિલ્કતના હક્ક, હિત કે હિસ્સા બાબતે કોઈ તકરાર ઉપસ્થિત થાય તો તે અંગેનો અંતિમ નિર્ણય કરવાની સત્તા માત્ર ને માત્ર સીવીલ કોર્ટને જ છે તેવું નામદાર સુપ્રિમ કોર્ટે તારીખ : ૧૭/૪/૨૦૧૫ ના સીવીલ અપીલ નં. ૩૭૨૫/૧૫ તથા ૩૭૨૬/૧૫ ના કામે ચુકાદો આપતા જણાવેલ છે.

મહેસુલી કોર્ટને સીવીલ કોર્ટના અંતિમ નિર્ણયને પાલન કરવાનું છે. હુકમને અનુસરવાનું છે. રેવન્યુ સત્તાધિશને હક્ક સંબંધી ફેરફારની એન્ટ્રીઓ બાબતે ખૂબ જ મર્યાદિત અધિકારો ધરાવે છે તે સંબંધીત કાયદાએ આપેલા હક્કની ઉપરવટ જઈને રેવન્યુ ઓથોરીટી કાર્યવાહી કરી શકે નહિ તેમજ પોતાને સીવીલ કોર્ટે ધારણ કરેલ હકુમત પોતાને છે તેવા સંબંધીત અનુમાન કરવા પણ હક્કદાર નથી.

ફેરફાર પત્રકની નોંધો કોઈપણ ટાઈટલને તબદીલ કે નાબુદ કરતી નથી. મહેસુલી રેકર્ડમાં મિલ્કત સંબંધી ફેરફારની નોંધ ટાઈટલ ઉભું અથવા રદ કરતી નથી તેમજ તે ના તો ટાઈટલ ઉર કોઈ અનુમાનકીય મૂલ્ય ધરાવે છે. આવી નોંધો માત્ર જે તે વ્યકિતની તરફેણમાં ફેરફારની નોંધ પાડવાનો હુકમ હોય છે તે વિવાદીત જમીનનું મહેસુલ ચુકવવા માત્ર અબાધિત હોય છે.

નામદાર કોર્ટે જણાવેલ કે અપીલ કર્તાએ પોતાના તરફેણનો અડધો હિસ્સો પ્રતિવાદીની તરફેણમાં છોડયો ન હોતો કે જતો નહોતો કરેલ માત્ર પ્રતિવાદીનું રેકર્ડમાં માલીક તરીકે નામ હતુ જે મિલ્કતમાં અપીલ કર્તા સારૂ હિસ્સેદાર હતા. દાવાવાળી મિલ્કતના અડધા હિસ્સાના અરજદારના ટાઈટલ અને કબજામાંથી પોતાને વિનીહીત કર્યા હતા ફેરફારની નોંધો કોઈ ટાઈટલને તબદીલ અથવા નાબુદ કરતી નથી અને તે નોંધો માત્ર જમીન મહેસુલ ઉઘરાવવાના હેતુ માટે જ સુસંગત હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટ એવા તરણ ઉપર આવેલ કે મહેસુલ રેકર્ડમાં મિલ્કત સંબંધી ફેરફારની નોંધ ટાઈટલ ઉભું અથવા નાબુદ કરતી નથી તેમજ ના તો તે ટાઈટલ ઉપર કોઈ અનુમાનકીય મૂલ્ય ધરાવે છે તે માત્ર જે વ્યકિતની તરફેણમાં ફેરફારની નોંધ પાડવાનો હુકમ હોય તેને વિવાદીત જમીનનું મહેસુલ ચુકવવા માટે સફળ બનાવે છે. આથી નામદાર સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદા અને હુકમનામાને સેટેસાઈડ કરેલ અને નીચલી એપેલેટ કોર્ટના ચુકાદા અને હુકમનામાને પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરેલ.

સદર ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે હક્કપત્રકની નોંધો કોઈપણ ટાઈટલને તબદીલ અથવા નાબુદ કરતી નથી મહેસુલી રેકર્ડમાં મિલ્કત સંબંધી ફેરફારની નોંધ ટાઈટલ ઉભું કરતી નથી તેમજ ન તો તે ટાઈટલ ઉપર કોઈ અનુમાનકીય મુલ્ય ધરાવે છે તે માત્ર જે તે વ્યકિતની તરફેણમાં ફેરફાર નોંધ પાડવાનો હુકમ હોય છે તેને વિવાદીત જમીનનું મહેસુલ ચુકવવા સક્ષમ બનાવે છે જયારે કોઈપણ પક્ષકારો વચ્ચેની તકરારો મિલ્કત કે જમીનના ટાઈટલ સંબંધીત હોય અથવા તો હક્ક, હિત સંબંધીત હોય તે બાબતની તકરારનો વચગાળાનો કે છેવટનો કોઈપણ નિર્ણય કરવાની સત્તા કે હુકમત મહેસુલી અધિકારીઓને નથી અને તેવા નિર્ણય કરવાની અંતિમ સત્તા માત્ર સીવીલ કોર્ટને જ છે અને નામદાર સીવીલ કોર્ટ દ્વારા કરવામાં આવેલા વચગાળાના કે અંતિમ નિર્ણયને અનુસરવા મહેસુલી અધિકારીઓ બંધાયેલા છે. સદર ચુકાદો નામદાર સુપ્રિમ કોર્ટે એચ. લક્ષ્મીપાર રેડ્ડી અને બીજા વિરૂધ્ધ એલ. વેંકટેશન રેડ્ડીની સીવીલ અપીલ નં. ૩૭૨૫, ૩૭૨૬/૧૫ ના કામે ૧૭/૪/૨૦૧૫ ના રોજ હુકમ કરેલ છે. સદરહુ હુકમથી જમીનના સહમાલીક કે સહહિસ્સેદારનું નામ રેવન્યુ રેકર્ડમાં ના હોવા માત્રથી તે વડિલોપાર્જીત જમીનમાં સહમાલીક મટી જતો નથી કે સહમાલીક તરીકે નાબુદ થતો નથી, જયારે કોઈપણ વ્યકિતએ વાદવાળી જમીનમાં પોતાનો હક્ક અન્ય સહહિસ્સેદારની તરફેણમાં જતો કરેલ ના હોય કે અન્યની તરફેણમાં છોડેલ ના હોય તો માત્ર રેવન્યુ રેકર્ડમાં માલીક તરીકે નામ ના હોવાના કારણે જમીનના હક્કો માર્યા જતા નથી, માલીકી નક્કી કરવાનો અંતિમ હક્ક સીવીલ કોર્ટને જ છે.

# પુરુષો મહેનત કરે તેને પુરુષાર્થ કહેવાય, તો સ્ત્રીઓ મહેનત કરે તેને સ્ત્રીઆર્થ કેમ ન કહેવાય!

**રસ્તે રઝળતી વારતા**

**- અયના કમલેશ**

પુરુષાર્થ શબ્દ તો બધાએ સાંભળ્યો હશે પણ સ્ત્રીઆર્થ શબ્દ નહિ સાંભળ્યો હોય. 'સ્ત્રીઆર્થ' શબ્દ નવો જ છે અને તે હમણાં જન્મ્યો છે અને તેની જનેતા પ્રતિભા ઠક્કર છે. આ સંગ્રહમાં એકવીસ લેખિકાઓની તરોતાજા એકવીસ વાર્તાઓ છપાયેલી છે. આપણે કોઇ હેતુ પાર પાડવા માટે, કોઇ લક્ષ્ય સાધવા માટે જે મહેનત, જે શ્રમ કરીએ છીએ તેને પુરુષાર્થ કહીએ છીએ. પુરુષાર્થ શબ્દ પુરુષલક્ષી છે, કેમ કે તેની શોધ પુરુષોએ કરેલી છે. 'પુરુષાર્થ' શબ્દમાં પિતૃસત્તાક આધિપત્યની બૂ આવે છે. કદાચ એના કારણે જ આ સ્ત્રી લેખિકા પ્રતીભાબેનને સ્ત્રીલક્ષી શબ્દ 'સ્ત્રીઆર્થ' શોધવાની જરુર પડી હશે અથવા તો અનાયાસે શોધાઇ ગયો હશે!

આપણી ગુજરાતી ભાષામાં જ નહિ અન્ય ભાષાઓમાં પણ પુરુષોનું વર્ચસ્વ ઉજાગર થતું હોય તેવાં ઘણાં શબ્દો હયાત છે. જયારે પણ આવા શબ્દો શોધાયા હશે ત્યારે તે શોધનારે લિંગભેદ વિશે વિચાર્યું નહિં હોય? આવો જ બીજો પુરુષલક્ષી શબ્દ રાષ્ટ્રપતિ છે. હું જયારથી સમજણો થયો ત્યારથી આ શબ્દ માટેની મુંઝવણ મારા મનમાં યથાવત છે. પુરુષ જયારે આ હોદ્દો ધારણ કરે ત્યારે તેને રાષ્ટ્રપતિ કહેવાય તો સ્ત્રીને આ હોદ્દો મળે ત્યારે તેને શું કહીશું, 'રાષ્ટ્રપત્ની?' જો સ્ત્રીને રાષ્ટ્રપત્ની કહીએ તો તેને એક અર્થમાં ગાળ દીધી કહેવાય કે તેનું અપમાન કર્યું કહેવાય. જો કે પુરુષને પણ રાષ્ટ્રપતિ કહીએ ત્યારે એક અર્થમાં તે બિભત્સ જ લાગે જ છે. પણ પુરુષપ્રધાન સમાજમાં તેને ગૌરવરુપ માનવામાં આવે છે.

આપણા ભારત દેશમાં કરોડો લોકો રહે છે. તેમાંથી કોઇનેય આ બાબતનો ફેરફાર કરવાની જરૂરિયાત નહિ જણાય હોય! આપણા દેશના રાજકારણીઓ, શિક્ષણ શાસ્ત્રીઓ, સાહિત્યકારો, કાયદાશાસ્ત્રીઓ વગેરેને રાષ્ટ્રપતિનો વિકલ્પ કેમ નહિ સૂઝતો હોય? મારા મતે રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપત્ની, કહેવાને બદલે આ હોદ્દાનું નામ 'રાષ્ટ્રપ્રમુખ' રાખવામાં આવે તો તે યોગ્ય રહેશે. આપણા દેશમં રાષ્ટ્રપતિના હોદ્દા પર પહેલીવાર એક સ્ત્રી તરીકે 'પ્રતિભા પાટીલ' બિરાજમાન થયાં હતાં ત્યારે એક સ્ત્રી તરીકે તેમણે કેમ આ બાબતે વિચાર્યું નહિં હોય! આવા બીજા શબ્દો પણ છે. દા.ત. નગરપતિ, નગરવધૂ શબ્દ પ્રચલિત છે પણ તે વેશ્યા માટે વપરાય છે.

બીજી એક બાબત જો તમે નોંધી હોય તો તમને ખ્યાલ આવશે. જયારે પણ એક પુરુષ દ્વારા બીજા પુરુષને ગાળ દેવામાં આવે છે ત્યારે આખરે તે ગાળ તો સ્ત્રીને જ લાગે છે. કેમ કે એ ગાળ સ્ત્રીઓ માટેની હોય છે. તમે વિચારશો તો જાણા મળશે કે મોટા ભાગની ગાળો સ્ત્રીઓ માટે બનેલી છે. પુરુષોને દેવાતી ગાળો પણ સ્ત્રીઓને જ દેવામાં આવે છે. પુરુષો માટેની ગાળો બહુ ઓછી છે. ખરેખર તો સ્ત્રી લેખિકાઓએ પુરુષો માટેની ગાળો પણ શોધવાની જરુર છે. તમને થતું હશે કે બીજું કંઇ નહીં અને ગાળોનું સંશોધન કરવાનું? હા, કેમ કે ગાળો એ આપણા સમાજની આપણી ભાષાની જરૂરિયાય છે. દુનિયાની દરેક ભાષાને ગાળો હોય છે. ગાળો વિનાની કોઇ ભાષા નથી એમ કહીએ તો ખોટું નથી.

આપણા દેશમાં હવે તો સ્ત્રીઓમાં એજ્યુકેશનનું પ્રમાણ પહેલાં કરતાં વધ્યું છે. જેના કારણે અનેક કંપનીઓમાં કે સરકારી ઓફિસોમાં ઉચ્ચ હોદ્દા પર તેમની નિમણૂક પણ થવા લાગી છે. તમે જોયું હશે કે અનુભવ્યું હશે કે, જયારે ઉચ્ચ હોદ્દા પર કોઇ સ્ત્રી બિરાજમાન હોય ત્યારે તેના હાથ નીચે કામ કરતાં પુરુષો તેને કેટલું માન આપે છે? ધારો કે કલેકટર તરીકે કોઇ સ્ત્રી હોય ત્યારે તેમના હાથ નીચે કામ કરતાં પુરુષો તે સ્ત્રીન સાહેબ કહીને સંબોધશે ખરાં? ના, કોઇ પણ પુરુષ તેને સાહેબ નહિં કહે, બહેન કહેશે. આવું કેમ? કેમ કે પુરુષોને એક સ્ત્રીને સાહેબ કહેવામાં શરમ આવે છે. તેમનો અહમ ઘવાય છે. તેઓ પોતાનો કોઇ બોસ સ્ત્રી હોય તે સાંખી નથી શકતા. અને ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં સ્ત્રીઓ પુરુષોની આ નફ્ફટાઇ સ્વીકારી લે છે. તેવી જ રીતે સ્કૂલનાં શિક્ષકને સાહેબ અને શિક્ષિકાને બહેન કહે છે.

"એમ તો આપણી પોતાની ભાષા માટે 'માતૃભાષા' શબ્દ વાપરવામાં આવે છે. શું માતૃભાષા શબ્દ સ્ત્રીલક્ષી નથી?" એક ભાઇએ મને કહ્યું. બાળક જન્મે ત્યારથી લઇને તે સ્કૂલે જતો થાય ત્યાં સુધી તે સહુથી વધારે સમય તેની મા પાસે વીતાવતું હોય છે. જેના કારણે સહુથી પહેલાં તે પોતાની માની ભાષા શીખે છે આ કારણથી 'માતૃભાષા' શબ્દ અસ્તિત્વમાં આવ્યો હશે. જો બાળક તેના પિતાની કોઇ અલગ ભાષા શીખતું હોય તો તેને 'પિતૃભાષા' પણ કહી શકાય. તેમની સામે મારો આ તર્ક, મારો દૃષ્ટિકોણ છે.

એક રીતે જોવા જઇએ તો 'પુરુષાર્થ'ના જેવો પ્રતિભા ઠક્કરે શોધેલો નવો શબ્દ 'સ્ત્રીઆર્થ' પુરુષોને નીચું દેખાડવા કે બદલો લેવાની ભાવનાથી શોધ્યો નથી. તેમને કહેવું છે કે પુરુષો મહેનત કરે તેને પુરુષાર્થ કહેવાય, તો સ્ત્રીઓ મહેનત કરે તેને સ્ત્રીઆર્થ કેમ ન કહેવાય! બસ, આટલી સીધી સાદી વાત છે. ખરેખર તો તેમણે તેમની એક લઘુકથામાં આ શબ્દ પ્રયોજ્યો છે અને તેના શીર્ષક તરીકે વાપર્યો છે.

૨ જૂન, ૨૦૧૫ના સમાચાર પત્રમાં એક સમાચાર ધ્યાન ખેંચે તેવાં હતા. બ્રિટનના કેન્ટરબરીમાં આર્ચબિશપના ઘરે મળેલી પાદરીઓની બેઠકમાં મહિલા પાદરીઓએ 'ગોડ'ને પુરુષ ગણવો કે સ્ત્રી તે મુદ્દો ઉઠાવ્યો હતો. ઓક્સફોર્ડની ટ્રિનીટી કોલેજની મહિલા પાદરી 'રેવ એમા પર્સી' એ જણાવ્યું હતું કે ગોડને પુરુષ તરીકે વર્ણવતી ભાષાનો ઉપયોગ કરીએ છીએ ત્યારે લાગે છે કે ગોડ એક પુરુષ જેવાં છે. તેનો અર્થ એ કે મહિલાઓ ક્રાઇસ્ટનું પ્રતિનિધિત્વ નથી કરી શકતી. આ પર્સી, 'વુમન એન્ડ ધ ચર્ચ' સંગઠનની સભ્ય છે. તેમના સંગઠને જ આ મુદ્દો ઉઠાવવ્યો. 'વોચ'ના અધ્યક્ષ હિલેરી કોટન પણ ગોડને શી કહેવામાં પક્ષમાં છે. તેમણે કહ્યું હતું, 'ગોડ' બધાથી ઉપર છે. આપણે જયાં સુધી લિન્ગીય ભેદભાદ ધરાવતી ભાષાનો ઉપયોગ કરીશું ત્યાં સુધી તેના સુધી પહોંચી શકીશું નહીં. ભારતમાં આર.ટી.આઇ.ના માધ્યમથી પુછવામાં આવ્યું હતું કે ઇશ્વર કોણ છે કે, જેના નામે સાંસદ/વિધાનસભ્યો શપથ લે છે? જવાબમાં કાયદા મંત્રાલયે જણાવ્યું હતું કે બંધારણમાં ઇશ્વરની વ્યાખ્યા કરવામાં આવી નથી.